ટુ વ્હીલરમાં ૭ નંબર માટે વિશેષ ક્રેઝ : હરાજીમાં રૂ. ૭૧૭૭ ચુકવાયા

પસંદગીના નંબરોની હરાજીમાં ૭, ૧, અને ૨ નંબરના વિશેષ દામ અપાયા ચાર નવડા અને એકડાનો પણ ક્રેઝ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં ઢી-ચક્રી વાહનોને અનુલક્ષી નવી સીરીઝ શરૂ થતા આજે પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રિયા યોજવામાં આવી હતી. જેમાં ૭, ૧ અને ૨ નંબર માટે સૌથી વધુ કિંમત ચૂકવાઈ હતી. આ પૈકી ૭ નંબર માટે સૌથી વધુ રૂ. ૭૧૭૭ ચુકવાયા હતા.

રાજ્યમાં વાહનચાલકોમાં આમ પણ જીજે-૧૮ના પાસિંગ પરાવતા વાહનોનો કોઈક વિશેષ દબદબો માનવામાં આવે છે. રૂઆબદાર મનાતા આ પાસિંગને લઈ વાહનચાલકોમાં પણ વિશેષ ક્રેઝ હોવાનું મનાય છે જ્યારે જીજે-૧૮ના પાસિંગની સાથે 'નુમેરોલોજી'માં માનતો વર્ગ પસંદગીના નંબર માટે પણ અદમ્ય આકર્ષણ ધરાવે છે. માટે જ પોતાની પસંદગીનો નંબર મેળવવા જઈએ તેટલા દામ આપતા તેઓ અચકાતા નથી. ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીમાં ઢી ચક્રી વાહનો માટે નવી સીરીઝ શરૂ થયા બાદ આજે પસંદીના નંબરો મેળવવા હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. આ હરાજીની પ્રક્રિયા માટે આર.ટી.ઓ.ને ૧૩૮ અરજીઓ મળી હતી. જ્યારે આ પૈકી ૧૩ અરજીઓ ડબલ નંબરવાળી હોવાથી ૧૨૫ અરજીઓ અન્વયે હરાજીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. એ.આર.ટી.ઓ. આર.એ. આચાર્યની ઉપસ્થિતિમાં અરજદારોએ પોતાની પસંદગીના નંબરોની તગડી કિંમત ચૂકવી હતી. જેમાં ૭ નંબર માટે રૂ. ૭૧૭૭ અને ૨ નંબર માટે રૂ. ૬૦૦૧ ચૂકવાયા હતા. જ્યારે ૧ નંબર માટે પણ રૂ. ૫૫૫૬ સુધીનો ભાવ ચૂકવાયો હતો. ચાર નવડા માટે રૂ. ૫૧૫૫ ચાર સત્તા માટે રૂ. ૩૧૩૧ જ્યારે ચાર એક્કા માટે રૂ. ૫ હજાર ચુકવી અરજદારોએ પસંદગીના નંબરો મેળવ્યા હતા. ચાર આંકડા માટે ચાર હજાર અને ત્રણ નવડાના નંબર માટે રૂ. ૪૯૯૪ની કિંમત ચુકવાઈ હતી.

જાહેર વિતરણ વ્યવસ્થા શહેરમાં તુટી પડી છે : નવા કાર્ડ ઝડપથી આપો

શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનોએ પુરવઠા અધિકારીને આવેદનપત્ર આપી કરેલી માંગ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં તંત્રની લાપરવાહીને કારણે કેરોસીનની કૃત્રિમ તંગી ઉભી થઈ હોવાની તેમજ બારકોડેડ રેશન કાર્ડ આપવાની કામગીરી સ્થગિત થઈ જવાની બાબતે આજે શહેર કોંગ્રેસ સમિતિએ જિલ્લા પુરવઠા અધિકારીને એક આવેદન-પત્ર આપી ઉગ્ર રજુઆતો કરી છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશ પટેલ, મ્યુનિ. કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમન વિંઝુડા તેમજ કાઉન્સીલરો શ્રી હર્ષદાન પંડ્યા, શ્રી જીતુ રાયકા, શ્રીમતિ પી-શ્રીબેન પટેલ, શ્રીમતિ ભાવનાબા વાઘેલા, શ્રી હરમુખભાઈ મકવાણા, શ્રીમતિ હંસાબેન મોદી, શ્રી આર. કે. પરીખ, મહિલા કોંગ્રેસના હીનાબેન પટેલ, પ્રેમબા હાડા, દીનાબેન પરીખ, પ્રદેશ મહામંત્રી શ્રી નિશીત વ્યાસ સહિતના આગેવાનોએ આ અંગે રજુઆત કરી છે.

આ આગેવાનોએ તેમની રજૂઆતમાં જણાવ્યું છે કે નવા બારકોડેડ રેશનકાર્ડ શરૂઆતના તબક્કામાં થોડાક વિતરણ કરવામાં આવ્યા હતા. પરંતુ છેલ્લા એક માસથી આ કાર્ડનું વિતરણ સંપૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં આવાસ યોજનાના નબળા અમલીકરણથી તંત્ર ચોંકી ઉઠ્યું !

આવાસ યોજનાના અમલીકરણમાં નબળી કામગીરી કરનારાઓ સામે તોળાતા શિક્ષાત્મક પગલાં

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજનામાં ચારેય તાલુકામાં નબળી કામગીરીને લઈ જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાના ચારેય તાલુકામાં ઈન્દિરા આવાસ યોજનાની કામગીરી માટે છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન સતત ઉપેક્ષા કરનાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીએ વહીવટીતંત્રને સૂચવ્યું છે તેમજ જે સ્પીલ ઓવર કામો ચાલી રહ્યા છે તે તાત્કાલિક પુરા થાય તે માટે કડક તાકીદ કરી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૦૬ થી ૨૦૧૧-૧૨ દરમ્યાન ૨૭૦૦ જેટલા આવાસો બનાવવાનો લક્ષ્યાંક હતો પરંતુ ચાલુ વર્ષે હજુ પણ ૧૫૦૦ જેટલા આવાસો બનાવવાની કામગીરી બાકી છે.

સીથી વધુ આવાસો ઢહેગામ તાલુકામાં બાકી હોવાનું જાણવા મળેલ છે. માણસા અને કલોલ તાલુકામાં પણ ૫૦ ટકા જેટલી જ કામગીરી થઈ છે. ગાંધીનગરમાં પણ ૪૦૦ થી વધુ આવાસો બનાવવાની કામગીરી બાકી હોવાનું જાણવા મળેલ છે.

બીજી તરફ જિલ્લાતંત્ર પણ આવાસ યોજના, વેરા વસુલાત, ૧૩મા નાણાંપંચની કામગીરી ધીમી ગતિએ ચાલતી હોવાની વાતને લઈ ચીંતી ઉઠ્યું છે અને આગામી શુક્રવારે આ મુદે તાલુકા વિકાસ અધિકારીઓ સાથે કડક રિવ્યુ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં વેરાવસુલાતની કામગીરી પણ ખાસ કરીને પંચાયતના વેરાઓની નબળી જણાઈ આવી છે. તંત્રએ વ્યવસાય વેરાની આવકના લક્ષ્યાંકો અને વસુલાતને લઈ નારાજગી વ્યક્ત કર્યા બાદ ખાસ ઝુંબેશ હાથ ધરવા તાકીદ કરી હતી પરંતુ તેમાંય નબળી કામગીરીને લઈ આ વખતની રિવ્યુ બેઠક વધુ મહત્વની બની રહેશે તેમ મનાઈ રહ્યું છે.

વરસાદનો વિરામ વાદળછાયુ વાતાવરણ

ગાંધીનગર, તા. ૧૧

ગઈકાલે આખો દિવસ રીમઝીમ વરસાદ વરસ્યા બાદ આજે વરસાદે વિરામ લીધો હતો. રાત્રે ધોધમાર વરસાદ વરસશે એવી અપેક્ષા હતી પરંતુ તે પૂર્ણ થઈ ન હતી. સવારે વરસાદ સાવ બંધ થઈ ગયો હતો



અને ઉઘાડ નીકળ્યો હતો. જો કે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૨ ટકા હોઈ વરસાદ પડશે તેવુ લાગતું હતું. બપોરના સમયે વાદળો પણ બંધાયા હતા પરંતુ મોડી સાંજ સુધી વરસાદ પડ્યો ન હતો. ગઈકાલે સાંજે પાંચ વાગ્યાથી સવાર સુધી ૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે મહત્તમ તાપમાન ૩૦.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૦ ડિ.સે. નોંધાયું હતું. બેજ સવારે ૯૨ ટકા અને સાંજે ૮૮ ટકા રહ્યો હતો.

ઉચ્ચતર શિક્ષણ અને સંશોધન વિષેયક ૨૦૧૧ (એચ.ઈ.આર.બીલ) સહિત અન્ય સંભવિત વિધેયકોના ખરડાઓ સંબંધમાં લાવવાના વિરોધમાં ગાંધીનગર કોર્ટના વકીલો પણ આજે વિરોધ પ્રદર્શીત કરી કોર્ટ કાર્યવાહીથી દૂર રહ્યા હતા. કોર્ટ સંકુલ બહાર વકીલોએ સૂત્રોચ્ચાર કરી વિરોધ દાખવ્યો હતો. **(તસ્વીર : દિપક જાની)**

ધાડપાડુ ગેંગની તપાસ માટે પોલીસની ટીમ દાહોદ પહોંચી

બે ઝડપાયા બાદ અન્ય સાગરીતોની શોધખોળ શરૂ

ગાંધીનગર, તા. ૧૧

સાદરા જકાણી મંદિરમાં ત્રાટકેલી ધાડપાડુ ગેંગના બે આરોપીઓને પકડવામાં પોલીસને સફળતા મળી છે. જ્યારે ગેંગના અન્ય સાગરીતોને પણ સકંજામાં લેવા ગાંધીનગર પોલીસની ટીમ તપાસ અર્થે દાહોદ પહોંચી છે.

ગત જૂન મહિનાના અંતમાં જકાણી માતાના મંદિરમાં જિલ્લામાં સ્થિત પવિત્ર યાત્રાધામ મોટીરાત્રિના સમયે ધાડપાડુ ગેંગ ત્રાટકી હતી. ૨૦ થી ૨૫ જેટલા આદીવાસી જેવા ઈસમોએ મંદિર પરિસરમાં ઘુમીને ચોકીદાર તેમજ પુજારી પર જીવલેણ હૂમલો કરી દાનપેટી લૂંટીને ફરાર થઈ ગયા હતા. આ મામલે ગાંધીનગર એલ.સી.બી. અને દાહોદ પોલીસની ટીમ તપાસ કરી રહી હતી. કમ્યુનિકેશન બેઝડ ટ્રેન કંટ્રોલ સિસ્ટમ આધારિત આ મેટ્રો ટ્રેનમાં ડ્રાઈવર નહીં હોય. સંપૂર્ણ પણે ઓટોમેટીક એવી આ ટ્રેન દેશભરમાં સૌ પ્રથમ હશે.

દેશની પ્રથમ મેટ્રો ટ્રેન ડ્રાઈવર વિનાની ઓટોમેટીક હશે

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રો ટ્રેનમાં ડ્રાઈવર નહી હોય : આવી મેટ્રો ટ્રેન દેશભરમાં સૌ પ્રથમ હશે

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત રાજ્યના મહાત્મા કાંક્ષી મેટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરી શરૂ

થઈ ગઈ છે. કમ્યુનિકેશન બેઝડ ટ્રેન કંટ્રોલ સિસ્ટમ આધારિત આ મેટ્રો ટ્રેનમાં ડ્રાઈવર નહીં હોય. સંપૂર્ણ પણે ઓટોમેટીક એવી આ ટ્રેન દેશભરમાં સૌ પ્રથમ હશે.

સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડનારી મેટ્રો ટ્રેનની ડીઝાઈન એકદમ આધુનિક હશે. આ મેટ્રો ટ્રેનમાં આવા ર્ક્શન હશે જેનાથી ટ્રેન ડ્રાઈવર વિના પણ ચાલશે. મેટ્રો રેલના ટૂટને સ્થાનિક રેલ સિસ્ટમ સાથે સાંકળી લેવાશે. ખાસ કરીને એવા સ્થળો કે જેનો વિકાસ ભવિષ્યમાં ઔદ્યોગિક હબ તરીકે થશે. મેટ્રોરેલની મહત્તમ સ્પીડ ૧૦૦ કિ.મી. હશે અને એવરેજ સ્પીડ ૪૦-૪૫ કિ.મી. હશે. દિલ્હી અને કલકત્તામાં દોડતી મેટ્રોરેલ કરતા ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડનારી ટ્રેન તમામ સ્તરોએ આધુનિક હશે. આ મેટ્રો રેલ ઉર્જાની બચત કરનારી ઝડપી ટ્રેન બનશે. ડ્રાઈવર વિના ચાલી શકતી આ ટ્રેનથી ડ્રાઈવરનો ખર્ચ નહી થાય. દેશમાં આવી પ્રથમ જ ટ્રેન હશે જે ડ્રાઈવર વિના ચાલતી હશે. આ પ્રકારની ટ્રેન થકી ગુજરાત તેની ઈજનેરી તાકાત પુરવાર કરી શકશે. આ ટ્રેનની લંબાઈ પરંપરાગત મેટ્રો ટ્રેન કરતાં ઓછી હશે. ઊંચી ક્વિ કવન્સી પર દોડતી આ ટ્રેન ખુબ ઓછા સમયમાં મુસાફરોની ડેરફેર કરી શકશે. વધુ ધસારો હશે તો સર્વિસ ક્વિકવન્સી વધારી શકાય તેવી ક્ષમતા આ ટ્રેનની હશે. ભારત સિવાય અન્ય કંટ્રોલ દેશોમાં ડ્રાઈવરલેસ ટેકનોલોજી આધારિત મેટ્રોટ્રેન દોડે છે. જેનો ટ્રેક રેકોર્ડ ખુબ સારો છે. ૧૫૦૦૦ કરોડનો મેગ પ્રોજેક્ટ ત્રણ તબક્કામાં પૂર્ણ થશે. પ્રથમ તબક્કો અમદાવાદ-ગાંધીનગર મેટ્રો રેલનો છે જે આ વર્ષે શરૂ થશે.

GUJARAT INSTITUTE OF TECHNICAL EDUCATION
ગુજરાત સરકાર માન્ય
PGDMLT
B.Sc./12th
લાયકાત
નવા પ્રવેશ સુચના
નવી બેચ જુલાઈ-૨૦૧૨ થી શરૂ
ફીમેલ, યુ.ક.માં Evaluted લોકો લાયકિફેકેશ
આશીર્વાદ લેબોરેટરી
Ph. 232 21664, 232 24639, Mo. 98251 83665
291, Sky View, Nr. 17/22 Bus Stop, Sector-22, Gandhinagar

કેશુભાઇ, કાશીરામ, સુરેશ મહેતાને ચૂંટણી લડાવાશે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાની

ચૂંટણી લડવા માટે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ અને સુરેશ મહેતા ઉપર દબાણ થઈ રહ્યું છે પરંતુ તેઓ સંકોચ અનુભવે છે. કેશુભાઈ માટે રાજકોટ-૨ અને વિસાવદર તેમજ સુરેશ મહેતા માટે કલ્યની માંડવીની બેઠક

કેશુભાઈ, સુરેશ મહેતા અને કાશીરામ ઈલેકશન લડે તો તેમને ગુમાવવાનું કંઈ નથી. જીતી જશે તો વિધાનસભામાં એક વિકમ બનશે. આ ત્રણેય નેતાઓની પોતપોતાના મત વિસ્તારમાં શાખ હોય તો વાંધો આવી શકે નહીં, માત્ર પ્રશ્ન તેમની સાથે હોવી જોઈએ.

ચૂંટણી તો ઈન્દિરા ગાંધી અને વાજપેયી જેવા નેતાઓ પણ હારી ગયા હતા. પૂર્વ મુખ્યમંત્રીઓ હારી ગયાના પણ દાખલા મોજુદ છે. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીનું વાવાઝોડું ફુંકાયું તેમાં ભલભલા મહારથીઓ ભોંય ભેગા થયા હતા. ગુજરાતમાં પણ આવું બનેલું છે.

૨૦૦૭ના પરિણામ ઉપર નજર ફરીએ તો ૧૨૬૮ ઉમેદવારો મેદાનમાં હતા. ૪૦ પાર્ટીઓએ તેમના ઉમેદવારો ઉભા રાખ્યા હતા પરંતું એનસીપી સિવાય કોઈને સફળતા મળી ન શકી. ૨૦૦૭ની ચૂંટણીમાં કુલ સાત પાર્ટીઓ વજન ધરાવતી હતી, જેમાં એનસીપી અને બીએસપીનો સમાવેશ થાય છે. સમાજવાદી પાર્ટી પણ મેદાનમાં હતી. હવે ૨૦૧૨ માં આ ત્રણેય પાર્ટીઓ

● અનુસંધાન પાન-૭ પર

હારી જાય તો કંઇ ગુમાવવાનું નથી અને જીતી જાય તો વિધાનસભામાં રસપ્રદ ઘટના બનશે

ખૂણે ખાંચરેથી

● ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર્સ એજ્યુકેશનનું ચોથુ સેમેસ્ટર આગામી બે દિવસમાં શરૂ થશે. ● ઈન્ટ્રુની પરીક્ષાનું પ્રશ્નપત્ર ફૂટી જતાં પરીક્ષા ૨૬ કરવાનો નિર્ણય યુનિ.એ કર્યો છે. ● ગાંધીનગર શહેરમાં ગઈકાલે થયેલા વરસાદને પગલે પાણીના ખાબોચિયા ભરાઈ જવા પામ્યા છે ને અંગે તંત્રએ સર્વેલન્સ હાથ ધર્યું છે. ● જુના સેક્ટરોમાં સ્ટ્રીટ લાઈટો વ્યાપક પ્રમાણમાં બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠી છે. ● કલોલ તાલુકાના સોજા ગામે ૧૩ વર્ષના એક બાળકને હાર્ટ એટેકનો હુમલો આવતાં તેનું અવસાન થયું છે. આ ઘટનાથી સમગ્ર પંચકમાં શોકની લાગણી પ્રસરીજવા પામી છે. ● સે. ૨૭માં ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના ઘર નજીકની સ્ટ્રીટલાઈટમાંથી કરંટ લાગતાં એક ગાયનું મોત નીપજ્યું છે.

મિત્સુબીશી રાજ્યમાં ૪ પ્રોજેક્ટમાં રોકાણ કરશે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત ઓટોમોબાઈલના ક્ષેત્રમાં એક મોટા હબ તરીકે ઉભરી રહ્યું છે. એક પછી એક ટોચની કંપનીઓ ગુજરાતમાં એન્ટ્રી કરી રહી છે. ઘણી ટોચની કંપનીઓ પહેલાથી જ રાજ્યના જુદા જુદા સેગ્મોમાં રોકાણ કરવાની જાહેરાત કરી ચુકી છે. પ્લાન્ટ બનાવવાની પણ જાહેરાત કરી ચુકી છે. હવે જાપાની પ્રતિષ્ઠિત કંપની મિત્સુબીશી પણ ગુજરાતના ચાર પ્રોજેક્ટમાં વધુ રોકાણ કરવાની ઈચ્છા ધરાવે છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની આજે જાપાનની મિત્સુબીશી કોર્પોરેશન (ઈન્ડિયા)ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર કેઈચી નાકાગાકી એ સૌજન્ય મુલાકાત લીધી હતી અને ગુજરાતમાં તેમના વિવિધ પ્રોજેક્ટમાં વિશેષ મૂડીરોકાણ કરવાની તત્પરતા વ્યક્ત કરી હતી.

જોઈએ છે
પેટ્રોલ પંપ માટે સ્ટાફ જોઈએ છે
વિજય ઓટોમોબાઈલ્સ
સે.૧૧, પ્લોટ નં. ૧૨
મળવાનો સમય
બપોરે : ૧૨-૦૦ થી ૨-૦૦

ASHOKA CEMENT
KisaN
TMT BARS - ISI
SANGHI SUPER - TSR
BENELAVE
NIXIT
TATA
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૫૦૦૮, ૯૮૨૫૪૩૨૧૬
સેક્ટર-૨૬, ટાટા ઓકડી પાસે, કોબવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૦૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનીટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિશાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383/82 માસિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, પ્લોટ નં. ૯૮ ૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com